# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

જોડાણ વિભાગ ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭
ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in


નં./જોડાણ/૧/ ૧૧૭૨/૨૦૨૦

તા.૨૩ /૧૧/૨૦૨૦

સંદર્ભ:- કલેક્ટર કચેરી, ચૂંટણી શાખા, રાજકોટના પત્ર નં.ઈલેક/મ.યા./ફા.નં.૭/૨૦૨૦, તા.૧૨/૧૧/૨૦૨૦.

પરિપત્ર:-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે કલેકટર કચેરીના સંદર્ભ પત્ર અનુસાર તા.૨૨/૧૧/૨૦૨૦, તા.૨૯/૧૧/૨૦૨૦, તા.૦૬/૧૨/૨૦૨૦ અને તા.૧૩/૧૨/૨૦૨૦ના રોજ ફોટાવાળી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ સબંધે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. તે અંતર્ગત રાજકોટ શહેરની કોલેજો કે જેમાં મતદાન મથકો આવેલા છે તે કોલેજોએ આ દિવસો દરમ્યાન સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી ખૂલી રાખવા તેમજ આ દિવસો દરમ્યાન કોઈ એક જવાબદાર અધિકારીશ્રી / કર્મચારીશ્રીને આ માટે નિયુક્ત કરી તેના નામ, હોદો તથા મોબાઈલ નંબર કલેકટર કચેરી, ચૂંટણી શાખા, રાજકોટને મોકલી આપવા જણાવેલ છે. જેની નોંધ લેવા અને યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે.)
બિડાણ:-
સંદર્ભ પત્ર

સહી/-
(ડૉ. જતીન સોની)
કુલસચિવ

રવાના કર્યું

નાયબ કુલસચિવ
જોડાણવિભાગ

પ્રતિ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના-:
૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
૧. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે....)

25. MP. PARIPATRA. 2020

નં.ઈલેક/મ.યા./ફા.નં.૭/૨૦૨૦

કલેક્ટર કચેરી,
ચૂંટણી શાખા,
રાજકોટ.
તા.૧૨/૧૧/૨૦૨૦

પ્રતિ,
રજિસ્ટ્રારશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

વિષય : તા.૦૧/૦૧/૨૦૨૧ની લાયકાતની તારીખના સંદર્ભમા ફોટાવાળી મતદારયાદીના ખાસ સંક્ષીપ્ત સુધારણા કાર્યક્રમ બાબત.
મતદારયાદી સુધારણા કાર્યક્રમ સબંધે ખાસ ઝુંબેશના દિવસો

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, ભારતના ચૂંટણી પંચની સુચના અન્વયે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૧/૧૧/૨૦૨૦ના પત્રથી મતદારયાદીની ખાંસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંગે સુચના થઈ આવેલ છે . તા.૦૯/૧૧/૨૦૨૦ થી તા.૧૫/૧૨/૨૦૨૦ દરમ્યાનના આ કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશના દિવસો નક્કી કરવામા આવેલ છે.

**તા.૨૨/૧૧/૨૦૨૦, તા.૨૯/૧૧/૨૦૨૦, તા.૦૬/૧૨/૨૦૨૦ અને તા.૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર)** ના રોજ ખાસ ઝુંબેશના દિવસે બુથ લેવલ ઓફીસર / ડેઝીગ્નેટેટ ઓફીસર સવારે ૧૦.૦૦ કલાક થી સાંજે ૦૫.૦૦ કલાક સુધી મતદાન મથકે ઉપસ્થિત રહી હક્ક દાવા અને વાંધા અરજીઓ સ્વિકારવાની કાર્યવાહી કરનાર છે. અનુસંધાને આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતી કોલેજો કે જેમાં મતદાન મથકો આવેલા છે તે કોલેજો આ દિવસો દરમ્યાન **સવારે ૦૯.૦૦ કલાક થી સાંજે ૦૬.૦૦ કલાક સુધી ખુલી રહે** તેમજ આ દિવસો દરમ્યાન કોલેજોની યોગ્ય રીતે સાફ સફાઇ કરવામાં આવે અને કોઈ એક જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીશ્રીને આ માટે નિયુક્ત કરી તેના નામ, હોદ્દો તથા મોબાઇલ નંબર મોકલી આપવા અને ઉક્ત વિગતે ઝુંબેશના દિવસો દરમ્યાન કોલેજો ખુલી રહે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
જોડાણ વિભાગ
21 NOV 2020
ઈનવર્ડ નંબર : 2526

કલેક્ટર અને
જિલ્લા ચૂંટણી અધિકારી
રાજકોટ વતી

નકલ રવાના :
સીલેક્ટ ફાઇલે.

**ELECTION IMMEDIATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

**GUJARAT STATE**

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંકઃ ઈએલઆર/૧૪૨૧/૯૫(૨)/છ

તા.૦૧/૧૧/૨૦૨૦

પ્રતિ,
**સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ,**

**વિષયઃ <u>તા.૦૧.૦૧.૨૦૨૧ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ બાબત.</u>**
મતદારયાદી સુધારણા કાર્યક્રમ સંબંધે ખાસ ઝુંબેશના દિવસો યોજવા બાબત.

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીના તા.૦૭/૦૮/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ 23/202109-ERS થી તા.૦૧.૦૧.૨૦૨૧ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. તદ્દનુસાર અત્રેના તા.૧૦/૦૮/૨૦૨૦ અને તા.૧૧/૦૯/૨૦૨૦ના સમાનાંકી પત્રથી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૧ અંગે વિગતવાર સૂચનાઓ આપેલ છે. ચૂંટણી પંચ દ્વારા મંજુર કરેલ સુધારેલા કાર્યક્રમ મુજબ હકક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૦૯/૧૧/૨૦૨૦(સોમવાર) થી તા.૧૫/૧૨/૨૦૨૦(મંગળવાર) નિયત કરવામાં આવેલ છે તથા સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ તા.૦૯/૧૧/૨૦૨૦(સોમવાર)ના રોજ કરવામાં આવનાર છે.

**<u>રાજયમાં સમાવિષ્ટ ૧૭૪ વિધાનસભા મતવિભાગોમાં(પેટા ચૂંટણી હેઠળના ૮ વિધાનસભા મતવિભાગો સિવાય) તા.૦૯/૧૧/૨૦૨૦ના રોજથી શરૂ થનાર મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યક્રમ અન્વયે તા.૨૨/૧૧/૨૦૨૦(રવિવાર), તા.૨૯/૧૧/૨૦૨૦(રવિવાર) તા.૦૬/૧૨/૨૦૨૦(રવિવાર) અને તા.૧૩/૧૨/૨૦૨૦(રવિવાર)ના દિવસોને ખાસ ઝુંબેશના દિવસો તરીકે યોજવા નકકી કરવામાં આવેલ છે.</u>** આ ખાસ ઝુંબેશના દિવસોએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

૧. ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૫:૦૦ કલાક સુધી મતદાન મથક ખાતે ઉપસ્થિત રહીને હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાની ખાસ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
૨. આવા દરેક લોકેશન પર કાર્યક્રમ સંબંધી યોગ્ય બેનર પ્રદર્શિત કરવું.
૩. ખાસ ઝુંબેશના દિવસે ડેઝીગ્નેટેડ અધિકારી દ્વારા ફોર્મ્સ સ્વીકારવા, મુસદ્દામાંથી મતદારોની વિગતોની ચકાસણી, BLA નાં સહયોગથી મુસદ્દાની ચકાસણી કરી, ક્ષતિ હોય તો શોધવીને આનુષાંગિક કાર્યવાહી કરવી અને પ્રત્યેક ખાસ ઝુંબેશના દિવસના અંતે સાંજે સુપરવાઈઝર મારફતે અહેવાલ ERO/AEROને મોકલવો.
૪. આ દિવસે સુપરવાઈઝર દ્વારા કાર્યક્ષેત્ર હેઠળના પ્રત્યેક લોકેશન્સની સતત મુલાકાતો લેતા રહીને જરૂરી દેખરેખ તથા માર્ગદર્શન આપવું તથા સાંજે પ્રત્યેક ભાગનો ERO/AEROને અહેવાલ રજૂ કરવો.

૫. જિલ્લા ચૂંટણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ યાદચ્છિક(Random) રીતે ડેઝીગ્નેટેડ લોકેશન્સની મુલાકાત લેવાની રહેશે.

૬. ખાસ ઝુંબેશનાં દિવસે મેળવેલ ફોર્મ્સની વિગતો અત્રે મોકલવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, કોવીડ–૧૯ દરમ્યાન સામાન્ય/પેટા ચૂંટણી યોજવા માટેની ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી દ્વારા આપવામાં આવેલ વિસ્તૃત માર્ગદર્શક સુચનાઓ અને ભારત સરકાર/રાજ્ય સરકાર દ્વારા કોવીડ–૧૯ ના સંક્રમણને રોકવા બાબતે વખતોવખત બહાર પાડવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓનો ઉકત ખાસ ઝુંબેશના દિવસે ચુસ્તપણે પાલન થાય તે અંગે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આથી, ઉપર્યુકત વિગતે ખાસ ઝુંબેશના દિવસોએ ધ્યાનમાં રાખવા બાબતેની વિગતવાર સૂચનાઓ આપના જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિભાગના બુથ લેવલ ઓફિસરો, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, સહિત તમામ સંબંધકર્તા અધિકારીઓને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

(અજય ભટ્ટ)
સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત